સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સીબીઆઈ તપાસમાં સૌ એકબીજાને ફોડે છે,
તટસ્થ સંસ્થા, વિશ્વાસ ને નામના પણ બોળે છે,
દોડે છે ખાયકીના રણમાં મૃગજળ પાછળ -
છોડે ગુનેગારોને 'ન્યાય' પરની શ્રદ્ધા તોડે છે

હાઈકુ

તપાસ સંસ્થા
થઈ છે રમકડું
રાજ-નેતાનું...

સીબીઆઈ છે
દોડી ખંચે નાચતી -
કઠપૂતડી !!

ચિંતન

ન જયાયસા સમેનયા ।

ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

સમાન શક્તિવાળા રાજા સામે કયારેક યુદ્ધે ના ચડવું.

જેની પાસે વિક્રમ, બળ તથા ઉત્સાહ એ ત્રણેય શક્તિઓ સમાન કક્ષાની છે એની સામે યુદ્ધે ચડવું એ સ્વનાશ નોતરવા સમાન છે. આવા સમયે તાત્કાલિક યુદ્ધવિરામ કરી. એ દરમિયાન પોતાની શક્તિ વધારી શત્રુને નિર્બળ બનાવવા પ્રયત્નો આદરવા જોઈએ.

ચીન પાસે માનવબળ, સૈનિક અને શસ્ત્ર સરંજામના ભંડાર છે આધુનિક વિમાનો અને ચાણક્યનીતિ છે આવા વિપુલ સાધનો ધરાવનાર દેશ સામે યુદ્ધે ન ચઢાય પણ મૈત્રી કેળવી સમજૂતિથી વાંકી આંગળીએ જ ઘી કાઢવું જોઈએ.

સુવિચાર

- બેવફા જિંદગીમાં જંગ તો જીતી તો ગયા પણ,
  સમજાયું નહીં કે આજ સુધી ઝઝુમ્યાં શું કામ ? - **મધુ પંચાલ**
- આઈના જબ હાથ મેં ઉઠાયા કરો, પહેલે દેખા કરો ફિર દિખાયા કરો - **ઈકબાલ પટેલ**
- જિંદગી લીંબુ મરચાંની દોડ જેવી છે, મોઢામાં મૂકેલી ચમચીમાંથી લીંબુ અધવચ્ચે પડી જાય તો દોડમાં પહેલા આવવાનો અર્થ ન સરે, જિંદગીમાં પણ એવું જ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- માનવ સંબંધો ભાખરી બાંધવાના લોટ જેવા છે,
  જેમાં લાગણીનું મોણ ન હોય તો ન ચાલે - **ગુણવંત શાહ**
- દરેક સંબંધ મધપૂડા જેવો હોય છે, મીઠો... મધૂરો... પણ.... છંછેડો નહિં ત્યાં સુધી - **અખંડ આનંદ**
- દંભના કાંટા કાઢ્યા ત્યારે ખબર પડી કે ઝખ્મોનો આનંદ કેવો હોય છે - **સૈયદ શાહીન**
- આજનું ઔષધ : બાળકને બહેડાનું તેલ નાનપણથી માલીશ કરવાથી માથામાં ટાલ પડતી નથી

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એક ગામમાં રહેતા એક માણસની પત્નીએ પુત્રને જન્મ આપી તરત અવસાન પામી હતી. પિતા બાળકને ઉછેરતા રહ્યા. તે દરમિયાન પિતાને કંઈ કામ માટે બહાર ગામ જવાનું થયું. સાત વર્ષના બાળકને કહ્યું, 'હું આજે જઈશ અને કાલે ગમે તેમ કરીને પાછો આવી જઈશ તું ઘરે રહેજે કંઈ જરૂર પડે તો પાડોશીની મદદ લે જે.' પિતા બહારગામ ગયા અને લુંટારુઓ ગામમાં આવ્યા. લુંટારીઓએ અનેક ઘર સળગાવ્યા. લુંટ કરી અને પેલા સાત વર્ષના પુત્રને પણ પોતાની સાથે લઈ ગયા. પિતા જયારે પાછો આવ્યો આવ્યે તયારે ગામ તબાહ થઈ ચૂક્યું હતું. પોતાની બાજુની શેરીના વળગી રહેલા મકાનમાં લાશો હતી. એમાં એક લાશની કદ કાઠી જોઈને એને એણ થયું કે આ તો મારા દીકરીની જ લાશ છે. બાળકનું મોત થયું માનીને ભારે હૈયે એની અંતિમવિધિ પૂરી કરી. આ વાતને બે વર્ષ વીત્યા અને એનો પુત્ર જે ખરેખર મર્યો ન હતો તે ડાકુઓ પાસેથી છટકીને પોતાના ગામે પરત ફર્યો. રાત પડી ગઈ હોવાથી એણે પોતાને ઘરે જઈ દરવાજો ખટખટાવ્યો. પિતાએ અંદરથી પૂછ્યું 'કોણ છે?' દીકરાએ જવાબ આપ્યો. 'હું તમારો પુત્ર છું.' પુત્ર વિયોગમાં દુઃખી રહેતા પિતાને થયું કે કોઈક મારી મશ્કરી કરી રહ્યું છે એટલે એણે મોટા અવાજે કહ્યું, 'મારો કોઈ દીકરો નથી, તું અહીંથી જતો રહે.' દીકરો થોડીવાર રાહ જોઈને દરવાજો ન ખૂલતાથી ત્યાંથી જતો રહ્યો. પછી પિતા-પુત્રનું મિલન કદી ન થઈ શક્યું.' જીવનમાં કયારેક ખોટી વાતને સાચી માની લેવાતી હોય છે. જયારે સાચી વાત બહાર આવે છે ત્યારે ખોટા તાદાત્મયને લીધે તેની ઓળખ થઈ શકતી નથી. આથી સાચી માની લેવાતાં તથ્યો માટે સજાગ રહેવું.

શીખ રમખાણો કેસમાં વિલંબિત ચુકાદો

તંત્રીસ્થાનેથી...

સને ૧૯૮૪ના ઑકટોબરની એકત્રીસમી તારીખે વડાપ્રધાન ઈંદિરા ગાંધી જેવા એમના અધિકૃત નિવાસ, ૧, જનપથના પરિસરમાં આવેલા આઉટ હાઉસમાં એમની મુલાકાત લેવા આવેલા અંગ્રેજ પત્રકારને મળવા બહાર નીકળ્યાં એવી એમના શીખ અંગરક્ષકોના સ્ટેનગનમાંથી ગોળીઓ છૂટી. 'યે કયા કર રહે હો ?' એટલું પૂછીને એ લોહીના ખાબોચીયામાં ઢળી પડ્યા. સતવંતસિંહ સહિતના ત્રણે શીખ અંગરક્ષકો વિશે ગુપ્તચર એજન્સીઓએ ઈંદિરાજીને વાકેફ કરેલાં પણ ખરાં. સંત ભિંડરાવાલે અને એમના સાથીઓને હરમિંદર સાહેબ - અમૃતસરના સુવર્ણમંદિરમાં જ ઠાર માર્યા પછી પંજાબ સહિત દુનિયાભરમાં ફેલાયેલા શીખ સમુદાયમાં ઈંદિરા ગાંધી પ્રત્યે ભારે નફરત ફેલાયેલી હતી. આ લડાયક કોમ બદલો લીધા વગર રહેવાની નહોતી એ જાણતાં હોવા છતાં ઈંદિરાજીએ એમના બોડીગાર્ડ તરીકે ફરજ બજાવતા શીખ જવાનોને હટાવ્યા નહોતા કારણ કે પોતે શીખ સમુદાયનો ભરોસો નથી કરતાં એવો મૅસેજ જાય એવું ઈચ્છતા નહોતાં. ઈંદિરાજીની હત્યા પછી હિંદુ સમાજમાં શીખો પ્રત્યે વેર વાળવાની વૃત્તિ જાગી જેની ફલશ્રુતિ પાંચ હજાર જેટલા શીખોની કત્લેઆમમાં પરિણમી હતી. આ વેરભાવના ઉશ્કેરવા બદલ તત્કાલીન સાંસદો જગદીશ ટાઈટલર અને સજ્જનકુમાર સામે વારંવાર આંગળી ચીંધાતી રહી છે. એનું કોંગ્રેસને ભારે નુકશાન પણ વેઠવું પડ્યું છે. ખુદ રાજીવ ગાંધીએ ઈંદિરાજીની હત્યા પછી શીખોના માનવસંહાર પ્રત્ય ઉદાસીન વલણ દાખવ્યું હોવાનું પુરવાર થયું છે. 'મોટું તોટિંગ વૃક્ષ ધરાશાયી થાય તો ધરતી તો ધ્રૂજે જ' એ મતલબનું એમનું નિવેદન મીડિયામાં વારંવાર વાગોળાતું રહ્યું હતું. એ ઘટનાનાં ચોત્રીસ વર્ષ પછી દક્ષિણ દિલ્હીના મહિપાલપુરમાં બે શીખ વ્યક્તિઓની થયેલી જઘન્ય હત્યા બદલ યશપાલ નામના શખ્સને ફાંસીની અને બીજી એક વ્યક્તિને આજીવન કેદની સજા સંભળાવાઈ છે. એમને રૂા. ૩૫ લાખનો દંડ પણ ફટકારાયો છે. ચુકાદાને ભારતીય જનતા પાર્ટી અને અકાળી દળ સહિત ખુદ કોંગ્રેસનાં વર્તુળોએ આવકાર્યો છે. જો કે વિલંબથી મળેલ ન્યાય એ ન્યાય નહીં મળ્યા બરાબર છે - એવું જ લાગે. શીખોમાં આતંકવાદી તત્ત્વોની બોલબાલા ઊભી કરનારા સંત જરનૈલસિંહ ભિંડરાંવાલે ઈંદિરા ગાંધીની જ રાજકીય પેદાશ ગણાતા રહ્યા છે. શીખોને હાથ પર લેવા માટે ઈંદિરા ગાંધીએ દલિત શીખ બૂટાસિંહને અને ઓછું ભણેલા જ્ઞાની ઝૈલસિંહને સરકારનાં સર્વોચ્ચ સ્થાનો પર બેસાડ્યા હતા. અત્યારે પંજાબમાં કોંગ્રેસનું શાસન છે અને કેપ્ટન અમરિંદર સિંહ મુખ્યમંત્રી છે. સતલજ તેમજ યમુનામાં ઘણાં પાણી વહી ગયાં છે ત્યારે ચોત્રીસ વર્ષ અગાઉની જઘન્ય ઘટનાઓ તાજી કરતો અદાલતી ચુકાદો આપણી ન્યાયપ્રણાલી કેટલી હાસ્યાસ્પદ બની ચૂકી છે તે જ સૂચવે કે બીજું કાંઈ ?

મંઝિલ નથી દેખાતી; હેતુ ખોટો છે કે પછી દિશા?

અદબ-પલાંઠી
મોં પર આંગળી
ડૉ. સંતોષ દેવકર

'૨૦૦ રૂા.' રીક્ષાવાળાએ ડોકુ બહાર કાઢીને મને કહયું હતું.

'હોતા હશે,આટલું બધું ભાડું હોય કાંઈ ?' મેં રીક્ષાવાળાને કહયું હતું.

બસ ડેપોમાં પ્રવેશી હતી. બસમાંથી ઉતરીને સેમિનાર હોલ તરફ જવા માટે મેં પગ ઉપાડયા . બસમાં આખા પ્રવાસ દરમિયાન લેકચરની તૈયારી અજ્ઞાત મનમાં થતી રહેતી. સેમિનારમાં યુવાન-યુવતીઓ મોટી સંખ્યામાં હાજર રહેવાના હતા. કઈ વાત મૂકીએ તો યુવાનોને ગમશે ? તેની ગડમથલ મારા મનમાં ચાલતી હતી. પીઠ પાછળ બેગ ભેરવી દઈ એક હાથમાં પાણીની બોટલ લઈ હું અમદાવાદના ભરચક વિસ્તારમાં રોડ ક્રોસ કરી રહયો હતો. એટલામાં એક રીક્ષા મારી પાસે આવીને ઊભી રહી.

'સાહેબ કયાં જવું છે ?'પ્રશ્ન પૂછાયો ને મારી વિચારયાત્રામાં બ્રેક વાગી હતી.

'ભાઈ, મારે....' મેં મોબાઈલમાં જોઈને ચોકકસ સરનામું રીક્ષાવાળાને જણાવ્યું.

એણે કહયું 'હા, હું એ હોલ પર તમને મૂકી દઈશ. બેસી જાવ.'

'કેટલા રૂપિયા લઈશ, ભાઈ ?'

'બસો રૂપિયા.'

'અરે.... હોતું હશે ?.... આટલા બધા ?કંઈક વાજબી કર. '

'સાહેબ, વાજબી જ કીધા છે. પેટ્રોલ-ડિઝલના ભાવ તો જુઓ.'

'ભલે પણ ભાડું વધારે છે.' એમ જવાબ આપી, મેં પગપાળા ચાલવા માંડયું.વોકિંગ પણ થશે અને વિષય રજૂઆતની મથામણ પણ.કેટલોક સમય ચાલ્યા પછી ફરી પાછો એ જ રીક્ષાવાળો મારી પાસેથી પસાર થયો. તેણે બ્રેક મારી.

હું પણ થાકયો હતો. વરસાદના છાંટા પણ શરૂ થયા હતા. મનોમન નકકી કર્યું કે અડધે સુધી તો રસ્તો કપાઈ ગયો છે. ચાલ, હવે રીક્ષા કરી જ લઉ.

'અરે રીક્ષા, ઊભો રે ભાઈ.' એણે રીક્ષા ઊભી રાખી અને કહયું,'સાહેબ, ચારસો રૂપિયા થશે.'સાંભળતા જ મને ઝાટકો લાગ્યો.મેં કહયું, 'નવો માણસ દેખાય એટલે એને લૂંટી જ લેવો એવું તમે નકકી કરેલું છે? પહેલા મને બસો રૂપિયા કીધા અને હવે ચારસો ? વળી હું તો અડધો રસ્તો કાપીને આવ્યો છું.ખરેખર તો હવે તારે મને અડધા ભાવે લઈ જવો જોઈએ.'

મેં વાતને બેલેન્સ્ડ કરતાં કહયું. મારી વાત સાંભળી ને રીક્ષાવાળાએ ખૂબ જ ઠાવકાઈથી જવાબ આપ્યો, 'સાહેબ, તમારી વાત સાચી છે. પહેલાં મેં બસો રૂપિયાજ કહયા'તા. તમે અડધો પંથ ચાલીને કાપી લીધો છે એ પણ સાચું અને હવે મેં તમને ચારસો રૂપિયા કિધા છે. એ પણ સાચું.'

'તો પછી આ લૂંટ નહિ તો બીજુ શું છે ?' મેં થોડાક ઉગ્ર થઈને રીક્ષાવાળા પર આક્ષેપ કર્યો.

રીક્ષાવાળો ખૂબ જ ધીરજપૂર્વક બોલ્યો, 'પણ સાહેબ, મારી વાત તો સાંભળો, તમે ચાલીને અડધે સુધી આવ્યા ખરા પણ તમે વિરૂધ્ધ દિશામાં ચાલ્યા છો.'

'હેં ...?' આશ્ચર્ય અને આઘાત સાથે મારા મોઢામાંથી ઉદ્‌ગાર સરી પડયો હતો. ખોટી દિશામાં ચાલ્યાનું દુઃખ હતું પણ આનંદ એ વાતનો હતો કે મને મારા સેમિનારમાં વિષયની રજૂઆતનો મુદ્દો મળી ગયો હતો.

ખૂબ ચાલીએ છીએ, ખૂબ દોડીએ છીએ પણ મંઝિલ દેખાતી નથી ત્યારે મૂંઝાઈએ છીએ.પ્રયત્નો ખોટા છે કે પછી હેતુ ખોટો છે કે પછી દિશા ખોટી પકડાઈ છે ?

આજનો પરિશ્રમી યુવાન શકયતાઓથી ભરેલો છે. કંઈક નવું કરવાની તમન્ના અને ખેવના સાથે તે જીવે છે. આગળ વધવું છે, કંઈક કરી બતાવવું છે. પરંતુ ભૂલથી ખોટી દિશા પકડાઈ જાય છે, ખોટી દિશા પકડાઈ જવાથી 'ભાડું 'બમણું થઈ જતું હોય છે.ખોટી દિશાની જાણ થવી ,જુદ્દાનો અહેસાસ થવો એ પણ એક અલભ્ય ઘટના છે. જાગ્યા ત્યારથી સવાર એ નિયમ મુજબ દિશા બદલીને આગળ વધનારા સફળતાને પામે છે. ખોટી દિશાની કે ખોટા રસ્તાની જાણ થવી એ પણ એક પ્રકારની સફળતા જ છે. જીવનમાં ખોટા માણસોના સંગથી આખી જિંદગી બરબાદ કરી નાખનારા અનેક છે.

જેને શરૂઆતથી જ સાચી દિશા મળી ગઈ છે, સાચો વિચાર મળી ગયો છે તેઓ ખરેખર પ્રભુના લાડકવાયા છે. એક સાચો શિક્ષક પેઢી તારે છે. એક સારું પુસ્તક માનવીને પસ્તી થતાં રોકે છે. એક સાચો વિચાર વાલિયાને વાલ્મિકી બનાવે છે. એક સાચો નેતા આઝાદી અપાવે છે.મંઝિલ ભલે હો દૂર એની ફિકર નથી ,દિશા સાચી હો એ જ સફળતા છે.

મિસરી

આમ તો અમારા જીવનનો સીધો પરિચય છે.
રૂદનમાં વાસ્તવિકતા ને હસવામાં અભિનય છે.

santoshdevkar03@gmail.com

Thanks Giving Day : કૃતજ્ઞતાને સાચા અર્થમાં જીવનાર વ્યક્તિ પ્રભુની સમીપનું સ્થાન પામે છે, અન્યોના હૃદયમાં ઉચ્ચ સ્થાને બિરાજે છે

તાજેતરમાં એક દિક્ષિત સંતને મળવાનું થયું. ઘણી ઉપદેશાત્મક વાતોનું ભાથું મળ્યું. જીવન, વ્યક્તિઓ અને સંબંધો પ્રત્યેના યોગ્ય અભિગમમાં એક વાત ખૂબ જ અગત્યની કહેવાઈ એ વાત મનનાં ખૂણે બરાબર ગોઠવાઈ ગઈ. એમણે કહ્યું કે જીવનમાં દરેક ક્ષણે પ્રભુનો આભાર માનતા રહો...સારું થાય તો પણ અને ખરાબ થાય તો પણ. વાત સાંભળીને થોડી સેકન્ડસ્ મનમાં સુનકાર છવાયો. થોડા મનન પછી એમની આધ્યાત્મિક સમૃધ્ધિ અને અનુભવના ભંડોળ માંથી નીકળેલ આ વાતની ગહનતાનો અહેસાસ થયો. પ્રત્યેક ક્ષણ પ્રભુના આભારની આ વાતને વધુ આગળ વધારવાની ઈચ્છા થઈ.

સાચું કહુંતો આ ઘટના પણ ' આભાર પાત્ર ' લાગી... કારણ જ્યારે કેલેન્ડર પર નજર ગઈ તો જોયું કે આપણી મુલાકાત નવેમ્બર માસના ચોથા ગુરૂવારે એટલે કે આજે થશે જ્યારે અમેરિકામાં 'Thanks Giving Day' ની ઊજવણી થતી હશે...આભાર અભિવ્યક્તિનો આ દિવસ ત્યાં ખૂબ ભાવપૂર્વક ઊજવાય છે. એને રાષ્ટ્રીય જાહેર રજા તરીકેની માન્યતા પ્રાપ્ત છે. મૂળભૂત રીતે આ દિવસ ખેડુતો દ્વારા સારા પાક માટે આભાર પ્રદર્શન અને આગામી વર્ષે આશીર્વાદની પ્રાર્થના માટે ઊજવવામાં આવતો પરંતુ હવે પ્રત્યેક દેશવાસી આ તહેવારને ખૂબ દિલથી મનાવે છે. પ્રભુના આભારની સાથે પોતાની સાથે જોડાયેલ પ્રત્યેક વ્યક્તિને આ દિવસે હૃદયપૂર્વક આભાર પહોંચાડી ખૂબ સંતોષ અને આનંદની લાગણી અનુભવે છે.

આભાર વ્યક્ત કરવાથી આંશિક ઋણમૂક્તિ અનુભવાય છે : અહંકારને બાજુમાં મૂકીને 'આભાર'થી 'ભાર' હળવો કરીએ

માનવતાના મૂલ્યોની કદર વિદેશમાં પણ એટલી જ છે કદાચ આપણા કરતાં ત્યાં લાગણી - સંવેદના - વિનયની અભિવ્યક્તિ સહજ છે. આપણે ઘણીવાર કટાક્ષમાં કહીએ છીએ કે અંગ્રેજો ગયા પરંતુ આ થેન્કયુ - સોરી મૂકતા ગયા. હા, આપણને ગુજરાતીઓને અંગ્રેજી શબ્દોમાં કદાચ ભાવવિહીનતા અનુભવાય પરંતુ એથી એ શબ્દોની યથાર્થતા ઘટતી નથી. આપણી ભાષામાં માફ કરજો અથવા તમારો ખૂબ-ખૂબ આભાર એવું કહેવામાં પણ અજુગતું લાગે છે. જ્યારે પ્રત્યેક ક્ષણ આભારની અભિવ્યક્તિનું આપણા શાસ્ત્રોમાં પણ સૂચન કરાયું છે. ફરીવાર લાગશે કે દરેક વાત શાસ્ત્રો અને પુરાણો સાથે જોડાય છે. પરંતુ આ સત્ય છે. જે પણ સારું છે એ બધાનું ઉદભવ સ્થાન પૌરાણિક ગ્રંથો અને મહાન વિભૂતીઓના આધ્યાત્મિક સંભાષણો છે જે સતત માર્ગદર્શક છે. આપણી સંસ્કૃતિ યુગોથી આપણને કૃતજ્ઞતાના ભાવની સમજ આપે છે.

અબીલ-ગુલાલ
મમતા રાવલ

કૃતજ્ઞતાને સાચા અર્થમાં જીવનાર વ્યક્તિ પ્રભુની અત્યંત નજદીકનું સ્થાન પામે છે અને અન્ય ના હૃદયમાં પણ ઉચ્ચ સ્થાને બિરાજે છે. કુદરતની પ્રત્યેક ઘટના, સૂરજનું સવારે ઊગવું, વાદળનું વરસવું, ફુલનું ખીલવું, જેવી અનેક ઘટના આપણને કુદરત પ્રત્યે કૃતજ્ઞતા ભાવ જગાડે છે. રાત્રે સૂઈને સવારે સચેતન જાગવા બદલ આપણે પરમકૃપાળુ પ્રભુના કૃતજ્ઞ હોવું ઘટે. આપણાં જીવનમાં કુદરતનું અમૂલ્ય યોગદાન હરપળ અનુભવાય છે પરંતુ એ ઉપરાંત આપણાં જીવનને સગવડભર્યું બનાવનાર ઘણાપાત્રો જીવનમાં તાણાવાણાંની જેમ વણાયેલા છે. કદાચ એ પાત્રોનું અસ્તિત્વ, એમનું ' હોવું ' પણ આપણાથી વિસરાઈ ગયું છે. જેમકે આપણા ઘરમાં, ઓફિસમાં કામ કરનાર, આપણને સમયસર દુધ અને છાપાં પહોંચાડનાર ફેરીયા, ઘરેથી ઈસ્ત્રી માટેના કપડાં લઈ ફરી પાછા ઘરે પહોંચાડનાર ધોબી હોય કે ટપાલી, કુરીયર બોય હોય કે શાકવાળો ફેરિયો.. ઘરમાંથી પસ્તી લઈ જનાર પણ આપણા રોજીંદા જીવનના એટલા જ મહત્વના પાત્રો છે. પરંતુ આપણે ક્યારે એમનો 'આભાર' માનવા જેટલા એમને મહત્વના ગણતા નથી. અને વધુ નજીકથી વિચારીએ તો ચોવીસ કલાક સાથે જીવતાં પરિવારજનો જે સાચા અર્થમાં એક બીજાના સપોર્ટ વિના અધુરા છે છતાં પણ 'આભાર' ની લાગણી અનુભવવા કે અભિવ્યક્ત કરવામાં ઊણાં ઊતરે છે. સંતાનો, મા-બાપના સ્નેહ - કાળજીને તેમની ફરજ ગણાવે છે. પતિ-પત્ની પણ આવી આભાર અભિવ્યક્તિને બાહ્ય આડંબર ગણી એ ભાવ અનુભવવા સુધીનો પ્રયત્ન કરતાં નથી. પરંતુ આ નાનકડો શબ્દ ' આભાર ' સામેવાળી વ્યક્તિને તેની સેવાની, તેના અસ્તિત્વની નોંધ લેવાયાથી ખૂબ બળ પૂરું પાડનાર બની રહે છે. વ્યક્તિ હૃદયથી સારું અનુભવે છે અને તેની આસપાસના બીજા પાત્રો પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરવા પ્રેરાય છે. આમ એક એવી સાંકળનું સર્જન થાય છે જેની સમાજમાં અત્યંત જરૂર છે.

એવું કહેવાય છે કે 'જેવું આપશો એવું પામશો ' દરેક સેવાની કિંમત પૈસામાં આંકી શકાતી નથી. અને પૈસા ચૂકવી દેવાથી ઋણમૂક્ત થવાતું નથી સવારે છ વાગ્યાના ટકોરે નળ માંથી આવતું પાણી પણ કોઈની નિષ્ઠાભરી સેવાનું જ પરિણામ છે... સુક્ષ્મતાથી વિચારીએ તો આવા અનેક પાત્રો છે જે આપણી આભાર અભિવ્યક્તિના અધિકારી છે. દિવાળીમાં બોણી આપી હશે હવે શાબ્દિક અભિવાદન થી નવાજવાનો દિવસ છે. વિદેશમાં ભલે આવા અલગ-અલગ ભાવો માટે અલગ દિવસ ફળવાયેલા છે પરંતુ આપણી માટી આપણને દરેક શ્વાસે આ સુગંધ થીયુક્ત જીવવાની પ્રેરણા આપે છે.

એવું કહેવાય છે કે ' જેવું આપશો એવું પામશો ' દરેક સેવાની કિંમત પૈસામાં આંકી શકાતી નથી. અને પૈસા ચૂકવી દેવાથી ઋણમૂક્ત થવાતું નથી સવારે છ વાગ્યાના ટકોરે નળ માંથી આવતું પાણી પણ કોઇની નિષ્ઠાભરી સેવાનું જ પરિણામ છે... સુક્ષ્મતાથી વિચારીએ તો આવા અનેક પાત્રો છે જે આપણી આભાર અભિવ્યક્તિના અધિકારી છે. દિવાળીમાં બોણી આપી હશે હવે શાબ્દિક અભિવાદન થી નવાજવાનો દિવસ છે.

સલમાન ખાનની એક ફિલ્મનું મુખ્ય વાર્તાકથન જ આ છે... એક વ્યક્તિની મદદ એજ શરતે કરવામાં આવે કે એ બીજા ત્રણ લોકોની મદદ કરશે. આપણે પણ ' આભાર અભિવ્યક્તિ ' ના મંડાણકરી બીજાને પ્રેરણા પૂરી પાડીએ.

આપણી સંસ્કૃતિમાં એક દિવસ નહીં પ્રત્યેક મીનીટ પ્રભુના આભારી રહેવાનું કહેવાયું છે. આભાર વ્યક્ત કરવાથી આંશિક ઋણમૂક્તિ અનુભવાય છે. રાષ્ટ્રપિતા ગાંધીજી રોજીંદા જીવનમાં પ્રાર્થના ના આગ્રહી હતા. પ્રાર્થના એ વિનંતી અને આભાર બંને ભાવ પ્રગટ કરવાનું ખૂબ સુંદર માધ્યમ છે. આપણે ત્યાં બાળપણથી જ, શાળા શિક્ષણની શરૂઆતથી જ આ પરંપરા દ્વારા શ્રધ્ધા અને આભાર અભિવ્યક્તિ જેવા ઉમદા ગુણોનું સીંચન કરવામાં આવે છે.

દુનિયાના અન્ય દેશો જેવાકે કેનેડા, કેરેબીયન ટાપુઓ, લાયબેરીયા, જાપાન, જર્મની વગેરે માં પણ 'Thanks Giving Day' ની ઊજવણીનું ચલણ છે કેનેડામાં ઓક્ટોબરના બીજા સોમવારે આ ઊજવણી થાય છે. લગભગ ૧૭૮૯ થી આ ઊજવણી ચલણમાં છે. આ ઈતિહાસ આપણું જ્ઞાન વધારવામાં મદદરૂપ છે. પરંતુ મનની મીરાત – સંપતિ, આભાર અભિવ્યક્તિથી જ સાંપડે છે. અહંકારને બાજુમાં મૂકીને આભારથી ભાર હળવો કરીએ. કવિ ' શયદા ' ની પંક્તિઓથી વિરખું...

આભારનો ભાર ઉઠાવવો સહેલ નથી ' શયદા '
આમતો મસ્તીમાં હું આખું આકાશ ઉઠાવી જાઉં છું.

મનુભાઈ ત્રિવેદી 'ગાફિલ'ની ગઝલસૃષ્ટિ

ભાગ-૨

ગઝલ વિશે ગઝલ લખાવાની શરૂ થઈ હશે ત્યારથી અવિરત લખાતું જ રહ્યું છે. ગઝલની વ્યાખ્યાઓ પણ જાતજાતની અને ભાતભાતની કરવામાં આવી છે. સ્વયં ગઝલ ઉપર પણ અનેક ગઝલો સર્જાઈ છે. આ ત્રણે વસ્તુ ભેળી કરવામાં આવે તો એક સરસ મઝાનું પુસ્તક બની જાય.ગુજરાતમાં ગઝલને પગભર કરનારાઓમાં જેમનું નામ આદરપૂર્વક લેવાય છે તેવા અને શબ્દની આરપાર જીવ્યો છું એવું કહેનાર શ્રી અમૃત ઘાયલ સાહેબે ગઝલ ઉપર એક લાંબી તેર શેરની ગઝલ લખી છે. તેમાં છેલ્લે કહે છે કે -

લીટી એકાદ નીરખી 'ઘાયલ'
હલબલી જાય આદમી તે ગઝલ.

આદિલ મનસુરીએ તો પ્રથમ ગઝલનો કાર્યકાળ દર્શાવતો યાદગાર શેર લખ્યો છે.

જ્યારે પ્રણયની જગમાં શરૂઆત થઈ હશે.
ત્યારે પ્રથમ ગઝલની રજૂઆત થઈ હશે.

અત્યારના કવિ શ્રી ઉર્વીશ વસાવડા શું કહે છે , ખબર છે ?

મને પ્રત્યેક ગમતી ક્ષણ ગઝલમાં લઈને આવ્યો છું,
ઘણી વાતો તમારી પણ ગઝલમાં લઈને આવ્યો છું.

અશરફ ડબાવલાએ પણ આવી એક આખી ગઝલ લખી છે તેના બધા જ શેર અફલાતુન છે પણ પહેલો અને ત્રીજો શેર કંઈક આવી જ વાત કરે છે.

વગડતે ઢોલ ને ઊભી બજારે સહી કરી દીધી,
જખમના લાગની નીચે કટારે સહી કરી દીધી.
ગઝલ લખવાની મેં જ્યારે રજા સંકોચથી માંગી,
કળાએ સ્મિત વેર્યું ને વિચારે સહી કરી દીધી.

ચીનુ મોદી જેવા ગઝલગુરુ વળી અમારા જેવા નવાસવા લખનારાને સલાહ પણ આપે છે.

તારા વિચાર તારી ગઝલમાં ભરીશ નહીં,
એ ઝાંઝવામાં, યાર, તું ઝાઝું તરીશ નહીં.
ન ગાઉં કેમ હું ભજનોની સાથે ગઝલો પણ ગાફિલ ?
અહીં ખેચે છે મીરાંબાઈ તો ત્યાં મીર ખેંચે છે.

આપણે ગયા વખતે શ્રી મનુભાઈ ત્રિવેદી ''ગાફિલ''ની ગઝલ અંગે થોડીક વાત કરી હતી.તેની શરૂઆત ઉપરના શેરથી કરી હઈ, તે તમને બરાબર યાદ હશે. ઉપર જણાવેલા શાયરોની જેમ મનુભાઈએ ગઝલ બાબતમાં શું કહ્યું છે એની પણ વાત કરવી જોઈએ.ગઝલની વ્યાખ્યા ઘણા લેખક-કવિઓએ કરી છે . તેના પગલે શ્રી મનુભાઈએ ગઝલને કયા કયા રૂપમાં ભાળી છે તે જુવો-

ગઝલ કંઈ ન બીજું,
પ્રણયની પ્રસાદી,
કુસુમ જેમ કોઈ ઉદયની પ્રસાદી.
ઢળેલાં નયનની નિહાળી લો ઓજસ,
વિવેકે ભરી છે વિનયની પ્રસાદી.
સુગંધી કહો કેમ ચંદનની ના'વે ?
આ મલયાગરી છે મલયની પ્રસાદી.
જવામર્દની છાતીનું જોર જોયું ?
અચંબા સમી છે અભયની પ્રસાદી.
કહું તો કરું આમ મયની વ્યાખ્યા,
છે સમ આપનારી સમયની પ્રસાદી.
ધબી જાય હૈયું યદિ લય મંહીં તો-
એ માની જ લેજો ઉભયની પ્રસાદી.
મને આજ ગાફિલને આવું સૂઝે છે,
છે મૃત્યુ ને જીવન- ઉભયની પ્રસાદી

મનના ઉમંગો
રણછોડ પરમાર

શબ્દો જ મારે કંકુ ને ચોખા એવું એક કવિશ્રીએ કહ્યું છે. અહીં મનુભાઈએ તો ગઝલને પ્રણયની પ્રસાદી ગણી લીધી છે. આ પ્રસાદીમાં એકલા સાકરિયા કે ટોપરાના કટકા નથી પણ વિવિધ પદાર્થોની સ્વાદિષ્ટ પ્રસાદી છે. પુષ્પના ઉદયની પ્રસાદી, નયનોના વિનયની પ્રસાદી, સુગંધીત મલયની પ્રસાદી, મયના બદલાતા રૂપની પ્રસાદી (મયની વાત જરા અજૂગતી લાગે ,પણ સમ આપતા સમયની પ્રસાદી એવી વિશિષ્ટ લાગે છે ?) હૈયાના લયની અને એના ધબી જવા બંનેની પ્રસાદી, કેટકેટલા પદાર્થો મનુભાઈએ થાળીમાં ભર્યા છે ? છેલ્લે એમને સૂઝે છે કે આ ગઝલ તો મૃત્યુ અને અને જીવન ઉભયની પ્રસાદી છે. એક નવાઈની વાત જોઈ તમે ? અહીં ક્યાંય પ્રભુનું નામ આવતું નથી. છતાંયે મુઠ્ઠે મુઠ્ઠા ભરીને પ્રસાદી મળે છે !

મનુભાઈએ એમની ગઝલમાં શું શું આવે છે એનીયે ખુબ સુંદર ગઝલ લખી છે. જતાં જતાં એ કહી દેવાનો હું લોભ ટાળી શકતો નથી.

અનુસંધાન પાના નં ૭ પર

પાઈલ્સ અને તેના ઉપચારો

પહેલું સુખ તે જાતે નર્યા
ડૉ. કેદાર ઉપાધ્યાય

આમ તો દરેક રોગ કંટાળાજનક છે પણ પાઈલ્સ એક એવો રોગ છે કે જેમાં ખરેખર વ્યક્તિ કંટાળી જાય. અ ા પ ણ ે ગુજરાતીમાં જેને હ ર સ - મ સ ા કહીએ તે પાઈલ્સ અંગેની જાગૃતિ માટે વિશ્વ પાઈલ્સ દિવસ હમણા બે દિવસ પહેલા જ ગયો. આજે આપણે પાઈલ્સ થવાનું કારણ, તેના લક્ષણો અને તેની ચિકિત્સા વિષે માહિતી મેળવીએ.

પાઈલ્સ થવાના કારણોઃ

પાઈલ્સ થવાનું એક મુખ્ય કારણ એટલે કબજીયાત. જ્યારે કબજીયાત જેવા કારણોથી ગુદાના નીચેના ભાગમાંથી પસાર થતી રક્તવાહિની પર પ્રેશર આવે ત્યારે તે સોજીને ફૂલી જાય, આને જ આપણે પિલ્સ કહીએ છીએ. પાઈલ્સ ગુદાની અંદર પણ હોય અને બહાર પણ હોઈ શકે. વધારે પડતું તીખું તળેલું, ગરમ મસાલા વાળું ખાવાથી પણ પાઈલ્સ થવાની સંભાવના વધે છે.

પાઈલ્સના લક્ષણોઃ

- ગુદાની અંદર કે આસપાસ એક મસા જેવો ગઠ્ઠો જણાવો (ક્યારેક જો પાઈલ્સ ગુદાની અંદર હોય તો ખ્યાલ નથી આવતો)
- મળત્યાગ કર્યા પછી પણ પેટ ભરેલું હોય તેવું લાગવું
- ગુ